ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૫-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

અચ્છે દિન કબ આયેંગે

વડાપ્રધાન અને ગુજરાતનાં મુખ્યમંત્રી સહિત નસીબદાર લોકો શાંઘાઇની સહેલગાહ માણી રહ્યાં છે ત્યારે દેશમાં રાતોરાત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ભડકો થયો છે. મોંઘવારી ઘટાડવાનું વચન મનમોહનસિંહ નોહતા પાળી શક્યા એમ નરેન્દ્ર દામોદસદાસ મોદી પણ નથી પાળી શક્યા. મોદીએ લોકસભાની ચૂંટણી ટાણે જે સૂત્રનો વારંવાર મેદની પાસે પુનરોચ્ચાર કરાવેલો તે 'અચ્છે દિન' ક્યારે આવશે, એની કોઇ ચોક્કસ તારીખ નથી તો સરકાર જાણતી કે નથી જયોતિષીઓ ભાખી શકતા. એક જ મહિનામાં ડીઝલ-પેટ્રોલના ભાવોમાં બબ્બેવાર ભડકો થયો છે. યુપીએ સરકારમાં આવું બનતું ત્યારે ભારતીય જનતા પાર્ટી હોબાળો કરી મૂકતી હતી. માંદલા અવાજે મનમોહન કંઇ ખુલાસો આપતા એમાં કે ચીપી ચીપીને અંગ્રેજીમાં બોલતા ચિદમ્બરમની વાતોમાં પ્રજાને ભરોસો નહોતો બેસતો. આ પેટ્રો-પેદાશોના ભાવો સરકાર હસ્તક નહીં હોવાની દલીલ કોઇને ગળે નહોતી ઉતરતી. આખરે 'ભ્રષ્ટાચારી'નું લેબલ પામી ચૂકેલી સરકારની વાત પ્રજા માને પણ શી રીતે? ભાજપને સત્તારૂઢ કરવામાં આવો ભાવવધારો અને એના અનુષંગે વધતી મોંઘવારીનો સૌથી મોટો ફાળો રહ્યો છે. ભોળા મતદારો એવા ખ્યાલોમાં રાચતાં રહ્યા કે મોદીના હાથમાં સત્તાનાં સૂત્રો આવતાની સાથે બધું રાતોરાત બદલાઇ જશે. પરંતુ મોદીએ સત્તા સંભાળતાંની સાથે પ્રજાનું ધ્યાન સફાઇ ઝુંબેશ અને શૌચાલયો જેવા મુદ્દાઓ તરફ વાળવા માંડ્યું. પ્રજાને મોદીમાં પ્રવેશી રહેલા ગાંધીનાં દર્શનથી જરુર રોમાંચ થયો. કોલસા અને સ્પેક્ટ્રમની નવેસરથી હરાજીમાં ભ્રષ્ટાચાર ન થયો અને સરકારની તિજોરીમાં આવક વધી. એથી ય ઉપર વિદેશોમાં ભાતરની વાહવાહ થઇ ગઇ, એ પણ મોદીના જ કારણે. ભલે 'મોદી ઇઝ ઇન્ડિયા' એવું સૂત્ર કોઇન ન કરાયું હોય પરંતુ હકીકતમાં પરિસ્થિતિ તો એ જ છે. આનું આ જ ભારત એક વર્ષ પહેલાં પણ હતું. પરંતુ વડાપ્રધાન મનમોહનસિંહ મોટા અર્થશાસ્ત્રી હોવા છતાં લોકનેતાનું કાઠું નહોતા ધરાવતાં. એમના સાથીઓ કે બોસ - કોઇ એમનું કહ્યું નહોતા કરતા. મોદીએ સાથીઓ ને કટ ટુ સાઇઝ કરી દીધા છે. બસ તો પોતે જ છે. પાર્ટી ગજવામાં ઘાલી દીધી છે. સાનુકૂળ અધિકરીઓને ચાવીરુપ સ્થાનો પર ગોઠવી દીધા છે. બધી બાજુથી જડબેસલાક કિલ્લેબંધી રચી દીધી હોઇ એમની સામે વિપક્ષોની કાગારોળ પર નિરર્થક નીવડી છે. પરંતુ પ્રજાને તો મોંઘવારી નડતી હતી, એ મુદ્દો કદાચ ભુલાઇ ગયો છે ત્યારે સરકારે એનો બધો લાભ પ્રજાને ન મળી જાય, એની તકેદારી રાખી હતી. હવે પરિસ્થિતિ બદલાતાં ફરી પાછી યુપીએ સરકાર વખતે હતી એ જ ઊંચી ભાવસપાટીએ ડીઝળ અને પેટ્રોલ પહોંચી ગયા છે. પ્રજાને હજી મોદી સરકાર પાસેથી 'અચ્છે દિન' આવવાની આશા સાવ છોડી દીધી નથી. મોદી સાહેબે એક જ વરસના ટૂંકા ગાળામાં 'દુનિયા કી સૈર' પતાવી દઇ જયાં પગ મૂક્યો ત્યાં છાકો પાડી દીધો છે. પરંતુ એમાં મતદાતાઓને શું મળ્યું?

એ ટાબરિયા... ઠાલ વાળુ કરી લે...!!

આ સાદ છે મમતાની મૂરત સમાન માનો... ઉપર આભ અને નીચે ધરતીના ખોળે જીવનની લીલા માણતા રાજસ્થાની લુહારો વતનથી સેંકડો માઈલ દૂર જઈને ખેડૂતો માટે ખેતરમાં વપરાતા લોખંડના ઓજારો જેવા કે દાંતરડા, સાંકળ, દાંતી વગેરે ઉપરાંત ઘર વપરાશના ચુલા-સગડી, સાણસી, તવી, કડાઈ, ચપ્પા વગેરે બનાવી જીવન નિર્વાહ ચલાવે છે. આવો જ એક પરિવાર પાલનપુર પંથકના જસલેણી ગામે રાતવાસો કરવા રોકાયો હતો. ત્યારે ખુલ્લામાં ચુલો બનાવી રોટલા-મરચાં-ડુંગળીનું વાળુ બહેન તેના ભાઈને કરાવી રહી છે. ત્યારે માતાએ બીજા ટાબરિયાને વાળુ કરી લેવા મમતા ભર્યો સાદ દીધો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

રાજકોટમાં નચિકેતા સ્કૂલીંગ સિસ્ટમનો ભવ્ય શુભારંભ

પૂ. મોરારી બાપુ, વજુભાઈ વાળા ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીઓ અને ધારાસભ્યો-સાંસદો ઉપસ્થિત રહ્યા હતા

ગાંધીનગર, તા. ૧૫

સાંઈલક્ષ્મી ફાઉન્ડેશન દ્વારા કાન્તાબેન પી. માલદે શિક્ષણ સંકુલ દ્વારા રાજકોટના જીવરાજ પાર્ક વિસ્તારમાં અંબિકા ટાઉનશીપ ખાતે શનિવારના રોજ નચિકેતા સ્કૂલીંગ સીસ્ટમનો શુભારંભ કરવામાં કરાયો હતો. આ પ્રસંગે પૂ. મોરારીબાપુની તેમજ કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા સમારંભના અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા.

નચિકેતા સ્કૂલીંગ સીસ્ટમમાં ભાર વિનાના ભણતર અને બાળકના સર્વાંગી વિકાસનું ઘડતર થાય તે માટે સ્કીલ બેઈઝ્ડ એજ્યુકેશન કરતા પણ આગળ વધીને નવતર અભિગમ વિકસાવાયો છે. આ સમારંભમાં કાન્તાબેન માલદે અને સરોજબેન માલદે દ્વારા કેમ્પસનું ઉદ્‌ઘાટન કરાયું હતું. આ પ્રસંગે પૂ. મોરારી બાપુ અને વજુભાઈ વાળા ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીઓ નીતિનભાઈ પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, મોહનભાઈ કુંડારીયા, વિજયભાઈ રૂપાણી, ગોવિંદભાઈ પટેલ, રજનીભાઈ પટેલ, નાનુભાઈ વાનાણી, વસુબેન ત્રિવેદી, ધનસુખભાઈ ભંડેરી, ભવાનભાઈ ભરવાડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.. આ ઉપરાંત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ, રાજકોટના મેયર રક્ષાબેન બોળીયા, સંગીત નાટ્ય અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી, ગૌસેવા આયોગના ચેરમેન વલ્લભભાઈ કથીરિયા, ગ્રામ ગૃહ નિર્માણના ચેરમેન મુળુભાઈ બેરા, સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્યો પબુભા માણેક, ભૂષણ ભટ્ટ, ભાનુબેન બાબરીયા, જયરાજસિંહ જાડેજા, ઈન્દ્રનીલ રાજ્યગુરૂ અને ધારાશાસ્ત્રી અભયભાઈ ભારદ્વાજ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રવક્તા જાણીતા કટાર લેખક જય વસાવડા તેમજ લેખિકા કાજલ ઓઝા વૈદ્ય તેમજ સંચાલન દિવ્યા ઠાકરે કર્યું.

આજે શનિજયંતિની ઉજવણી

આજે શનિદેવ જયંતિના કારણે શનિશંકુલ અડાલજ ખાતે સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ દરમ્યાન એક યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. રાત્રે ૯.૦૦ કલાકે સુંદરકાંડનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે ડેસ્ટીંસ્ટ ફ્રી ચેકઅપ કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ છે. આથી ભાવીક ભક્તોને આ લાભ લેવા જાહેર આમંત્રણ છે.

આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૧૬

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ-ગાઈડ સંઘ આયોજિત અભિવાદન સમારોહનું આયોજન શેઠશ્રી ખીમજી વિશરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન હોલ કડી કેમ્પસ ગાંધીનગરમાં યોજાયો હતો. જેમાં આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળાની રાજય પાસ પુરસ્કાર પ્રાપ્ત કરેલ ૧૧ વિદ્યાર્થીનીઓ અને ગાઈડ પ્રવૃત્તિ ચલાવનાર શ્રીમતી મંજુલાબેન બી. ચૌધરીને ઉપસ્થિત મુખ્ય મહેમાન શ્રી કૃષ્ણકાન્ત જહા, ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે, શ્રી એસ.એમ. બારડ તેમજ ડૉ. ટી.એસ. જોષીની ઉપસ્થિતિમાં એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આચાર્ય શ્રી સુધાબેન પટેલ હાજર રહ્યા હતા. અવોર્ડ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓમાં સુચિ એ. ચૌધરી, દિશા આઈ. દેસાઈ, મેહામી ડી.ચૌધરી, રિદ્ધિ પી. જાની, કિંજલ એસ. સોની, મીલી જે. ટાટરીયા, સિદ્ધિ આર. રથવી, રીપલ એ. પટેલ, કરમનિષ્ઠા પી. કાનડિયા, પ્રિયા જી. ચૌધરી અને કાજલ પી. સથવારાનો સમાવેશ થાય છે.

હરિની દૃષ્ટિ...

કાકા, પોઝીટીવ વિચારો... તમારી પાસે લોમ્બરગીની કાર હોત તો!! કેટલું પેટ્રોલ મોંઘુ પડત!!

બળબળતા ઉનાળામાં બાળકો માટે સૂર્યના તાપથી બચવા માટેના ઉપાયો



- બાળકોએ પુષ્કળ પાણી પીવું જોઈએ.
- ગરમીમાં બહાર નીકળો ત્યારે સનસ્ક્રીન લોશન લગાવીને નીકળવું જે ચામડીને તાપથી બચાવે છે અને બને તો તાપથી બચાવે તેના રક્ષણાત્મક કપડાં પહેરવા.
- બપોરના સમયે બહાર રમવા ન જવું. બને તો ઈનડોર ગેમ્સ રમવી.
- બહાર નીકળો ત્યારે ગોગલ્સ, હેટ પહેરીને જવું.
- ગરમી સંબંધિત કોઈ પણ માંદગીના સંકેત હોય તો ડોક્ટરનો સંપર્ક કરો.
- ગરમીમાં વોટર રાઈડ્સ કે સ્વીમીંગ પુલમાં જાઓ ત્યારે તેનો સાચવીને ઉપયોગ કરો ખાસ કરીને નાના બાળકો કે જેમણ હજુ સ્વીમીંગ શીખવાનું શરૂ કર્યું છે. મોટા વડીલની હાજરી વગર સ્વીમીંગ પુલમાં જવાનું ટાળવું.
- હાથ ધોઈને જમવા બેસો. બને તો ગરમ ખોરાક ખાઓ.
- ફળોના જ્યુસનો વધારે ઉપયોગ કરો.
- સૂર્યના તાપથી વાળને બચાવો ગરમીમાં તેને ઢાંકેલા રાખો. ગરમીમાં અતિશય પરસેવો, ધૂળ વગેરેથી તેને નુકશાન થાય છે માટે તેને સાફ રાખો.

મા-બાપને ભૂલશો નહી વિશે પ્રવચન રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શ્રી ગાંધીનગર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા 'મા-બાપને ભૂલશો નહી' વિષય અંતર્ગત પ્રવચનનું આયોજન આગામી તા. ૧૭મી મે ના રોજ સવારે ૯ વાગે આરાધના ભવન નં. ૧, જૈન દેરાસર, સેકટર-૨૨ ખાતે કરવામાં આવ્યું છે.

આ અવસરે વ્યાખ્યાનકાર શ્રીમદ્ વિજય મહાબોધિ સૂરીસ્વરજી મ.સા. વ્યાખ્યાન આપશે. જયારે ગચ્છાધિપતિ દેવ શ્રીમદ્ વિજય જય ઘોષ સુરીશ્વરજી મહારાજ શુભ આશિષ આપશે.

રોજ એનાં એ જ સાલાં ફેફસાં વેંઢારવા, રોજ એનું એ જ જીવ પર આવવું શું ચીજ છે?

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

હું મરી ગયો. અંતરિયાળ.

તે શબનું કોણ? તે તો રઝળવા લાગ્યું.

કૂતરૂં હાથ ચાવી ગયું, તો સમળી આંતરડાનો લચકો ખેંચી ગઇ

કાગડા મજેથી આંખો ઠોલે, કાન સોંસરી કીડીઓ આવે-જાય

સાલું, સાવ રામરાજ ચાલે.. પવન દુર્ગંધથી ત્રાસીને છૂ

તે વાળ પણ ન ફરકે, - ને આ બાજુ સાંજ પડું પડું થાય.

ઘેર જવાનું તો હતું નહી., આખો રસ્તો પગ પાસે બટકેલો પડ્યો હતો.

હું સારો માણસ હતો., નખમાં ય રોગ નહી ને મરી ગયો.

કવિતા લખતો, ચશ્માં પહેરતો.

ઝાડપાન આઘાત લાગવાના દેખાવમાં ભાં છે.

પાછળ ઘર કલ્પાંત કરતું હશે, અને એમ સહુ રાબેતાભેર.

ખરો પ્રેમ માખીનો, જે હજી મને છોડતી નથી.

હું બિનવારસી, ને જીવ સાલો, જલ્સા કરતો હશે.

પણ કાકો ફરી અવતરશે. ને માણસગીરી કરશે, હી હી હી..

-આમ વિચારવેડા કરતો હતો, તેવામાં

બરોબર છાતી પર જ,

ના, ના ઘડીક તો લાગ્યું કે અડપલું કિરણ હશે.

પણ નહોતું. છાતી પર પતંગિયું બેઠું તું

પતંગિયું.. આલ્લે.. સડસડાટ રૂંવાડાં ભાં..

લોહી ધડધડાટ વહેવા માંડ્યું, ઓચિંતી ચીસ નીકળી ગ ઈ કે

હું મરી ગયો નથી.., સોનલ, ત્યારે હું ફરી જીવતો થયો હોઈશ?

કાશ, ર.પા. જીવતા થઈ શકતા હોત તો? પણ ના...આજકાલ કરતા કરતા ર.પા. ને ચાલ્યા ગયાને એક દશકો થવા આવ્યો. એક દશકો... ર.પા. વગરનો એક દશકો...રમેશ પારેખ વગરનો એક દશકો.....!!!! એના ગયા પછી સાહિત્ય ને કવિતામાં કૈક ફેરફારો થયા, કેટલાયે ચમકતા નામો પ્રકાશમાં આવ્યા પણ બોલીવુડ માટે જેમ બચ્ચન એટલે બચ્ચન એમ ગુજરાતી કવિતા / ગઝલ / સાહિત્ય માટે ર.પા. એટલે ર.પા. એ શબ્દ જાણે કે પથ્થરમાં કંડારેલ વિધાન બની ગયું છે. ક્યાં છે કોઈ હજુ પણ ર.પા. ના ચશ્માંમાં આંખો નાખી શકે એવું? આમ તો ગયા નવેમ્બરમાં જ ર.પા. ની જન્મતિથી પર આ જ જગ્યાએ રમેશ શેઠ ને હટ્ટીને યાદ કરેલા...પણ એમાં લખ્યું હતું એમ સોનલ ને ચાહવાની ઋતુ સાઠ હોય તો પછી ર.પા. ને યાદ કરવાની તો એક હજાર ને સાઠ ઋતુઓ પણ ઓછી પડે. આજનો દિવસ એવી જ એક ઋતુ ગણીએ...!!!

ર.પા. એ શું લખ્યું છે એના કરતા શું નથી લખ્યું એમ કહેવું વધુ ઉચિત ગણાશે. કેટકેટલું લખ્યું ને કેવું નીતનવીન લખ્યું પણ ર.પા. ના અદમ્ય ચાહક તરીકે અને આ વાંચનારાઓ જેવા અસંખ્ય ભાવીકો વતી હમેશા ર.પ. ની રચનાઓમાં સવાલો ની સટાસટી વધુ આકર્ષી ગઈ છે. એ સતત સવાલો પૂછતાં રહ્યા, જવાબો મળતા રહ્યા કે નહિ એ એમણે મન કદાચ ગૌણ હતું. શરૂઆતમાં જ જે કવિતા લખી એને ફરી વાંચો...એમને ખુદના મરવા પર કે પછી ફરી જીવતા થવા પર પણ સવાલ...!!! પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર? એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર?... ઝાડ કે પાંદડા બન્નેની વ્યથામાં પણ એમને સવાલ સુઝ્યો... ર.પા. ને તો બધે સવાલ સુઝે.. .ને પાછું એ સવાલોમાં જ જો શોધી શકો તો જવાબ પણ મળી જાય...પાંદડું પીળું થાય અને ઝાડને કૈક થાય બિલકુલ એનાથી વિપરીત ર.પા. એ જ ઝાડને પાનને જરા જુદી રીતે સવાલ-જવાબમાં પણ લઈ જઈ શકે... ઝાડ એના પાંદડાંને પૂછે છે - કેમ? તું મારું નથી એવો શા માટે પડ્યો તને વ્હેમ?...છે ને કમાલ્લ...!! બોબડી સંવેદના ઉકલી નહી છેવટ સુધી, એટલેં ઢોળાઈ ગઈ આ શાહીમાં, શું બોલીએ?.... લોહીમાં પણ એક બે અંગત ખૂણાઓ છે રમેશ, એ ભા છે આપના સત્કારમાં, શું બોલીએ?...છે ને સવાલોની ર.પા. સ્ટાઈલ કમ્માલ ને ધમ્માલ..!!

ઘટનાને હોત ભૂલી શકાવાનાં બારણાં, તો કોણ ખોલવાનું હતું બંધ દ્વારને?..ગઈકાલે સનસનાટીભર્યું શું બની ગયું? ભીની હજુ છે, ખોદી જુઓને, મજારને. યસ આ છે સવાલિયા ર.પા. પ્રશ્નો... પ્રશ્નો... ને પ્રશ્નો...પૂછવા પૂછવા ને પુછવા..હા, પણ એ ખુદ ને પૂછે કે તમને પૂછે, શબ્દોની રમતમાં ને રમતમાં જ જવાબ તો હાજર હોય જ...! સ્તબ્ધ આંખોની કરો ખુલ્લી તપાસ, ભોંયરાઓ એના ક્યાં ક્યાં નીકળે?...કરો તપાસ લો..! ..ર.પા. ને તો કાગડો મરી જાય તોય સવાલ સુજી આવે ને એ પણ કેવો ધારદાર... આ કાગડો મર્યો કે એનું કાગડાપણું મર્યું? તું એ સિદ્ધ કરી બતાવ, કાગડો મરી ગયો.. કરી શકો તો કરો સાબિત?? સાબિત કરવા બેશો એ પહેલા જ ર.પા. ફરી એક પ્રશ્ન ઉછાળશે... ખરાબ સ્વપ્નથી નંબર વધે છે ચશ્માંના, તો કેવા સ્વપ્નને કહેશો તમે ખરાબ? -લખો... આંખોમાં આવી રીતે સ્વપ્નો નાં મોકલાવ કહેનાર પાછો એ જ સ્વપ્નોને સવાલની કટઘરીમાં ઉભા કરી દેતા અચકાઈ નહિ... કેવા સ્વપ્નોને ખરાબ કહેવું? સાલું આવો વિચાર તો ર.પા. ને જ આવે ને પાછાચશ્માના નમ્બર પણ એનાથી જ વધે..?

ખાલી સાદા-સિદ્ધાં જ નહી પણ અઘરા સવાલો પણ ર.પા. ની કલમમાંથી ટપકે - પુછાય - જાણે આંગળી ચીંધી ને કોઈ પોકારે એમ... જે તરફ આપણી આસ્થા જાય છે, આ ચરણ એથી કાં ઉલટાં જાય છે?... છે જવાબ કોઈ પાસે? ગહન વાત ને એક સાદા સવાલથી પૂછી લીધો શેઠે..! એક ચમકારો સવાલ રૂપી ચમકાવી દે...જો સમજાય તો ઠીક નહીતર હરી વાલ્લા. શેરડીનો લઈ ખટારો શહેર બાજુ જાય છે?

ત્યાં તો ધમધોકાર કેવળ સેકરિન વેચાય છે...! આખ્ખેઆખ્ખા શહેર ની માનસિકતા એક જ સવાલમાં સડસડાટ આવી ગઈ. ને આનો જવાબ...? પ્રણામ, આપ જે કહેતા હતા એ જળ શું છે? તળાવ શું છે, છલકવું શું છે, કમળ શું છે?... સવાલોનાં ધાણીફૂટ ગોળીબાર...બચ શકો તો બચ લો..!!! પણ એવું નથી કે ર.પા. ના સવાલો ખાલી તમને જ કનડે....એ તો ખુદને પણ કનડી જાણે...રમેશ, કાંડે તું ઘડિયાળ બાંધી ફરતો, પણ તને ખબર પડી નહી કદી કે પળ શું છે?...પોતાના સવાલો પોતાને જ પૂછવા એ રમેશની અનોખી ખાસિયત... વિશ્વ સામે જીભ આખી હોડમાં મૂકવા, રમેશ હોડ શું છે? હાર શું છે? ઝૂઝવું શું ચીજ છે?... અગેઇન સવાલો જ છે... અઢળક અને થોકબંધ...!!!

મેં અરીસાને અમસ્તો ઉપલક જોયો, રમેશ કોણ એમાંથી મને જોતું રહ્યું, કોને ખબર?... રમેશને જાત સાથે વાત કરવાની વધુ આદત...બધું રમેશથી અને રમેશ માહી... બધો વલોપાત, બેચેની, ઉત્કંઠા, ખુશી, ગમ...બધું એટલે બધું જ...!!

આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે, કહેવાય નહી... ભલે ને રમેશ ઘણી વાર છેડે પ્રશ્નાર્થ ચિન્હ મુકતા ભૂલી જાય કે પછી મુકવાનું છોડી દે તો પણ સવાલ પૂછવાની ટેવ થોડી છૂટે....આ જુઓ..સ્પર્શ દઈ પાણી વહી જાતું હશે, ત્યારે કંઈક આ પત્થરોને કંઈક તો થાતું હશે! આમાં છેલ્લે પ્રશ્નાર્થ ચિન્હ હોય કે નાં હોય કશો ફરક પડે છે ખરો...??

જો કે ઘણી વખત ર.પાને સવાલોનો જવાબ પણ મળી જાય...ઉઝરડા અને લોહીલુહાણ આખ્ખાય જીવતરનાં કારણ છે શું? મેં ફૂટપાથ પર એક જોશીને પૂછ્યું તો એણે કહ્યું કે, સ્મરણ એક બે ... ભલે ને ત્રાહિત વ્યક્તિ આપે પણ જવાબ તો મળ્યો ને...!!! પણ પછી ર.પા. એ જોશીને આ પૂછ્યું હશે કે નહિ... તમારા સ્પર્શની લીલાશમાં ખોવાયાં-ખોવાયાં, હરણ થઈને ફર્યા કરતા સ્મરણ થાકી જશે ત્યારે?... નહી જ પૂછ્યું હોય...એની બદલે કદાચ આવો વિચાર મનને પૂછી લીધો હશે કે.. શબ્દના ડાઘુઓએ ઉપાડ્યો છે ભારને, દફનાવશે ક્યાં જઈને મરેલા વિચારને?...અહા...અહા...!

ર.પા. ના સવાલો જેવું જ એક બીજું અનોખું પાસું એમની રચનાઓમાં ઝળકતું અને એ હતું લેખની શરૂઆતમાં લખ્યું એવું મોતનું કે પછી ચાલ્યા જવાનું...કશુક ગયું કે જશે ની વાત...!! છાપરું શ્વાસ રૂંધી ધીમાં ધીમાં પગલાંઓ ગણતું રહ્યું, ભીત ભયભીત થઈને કણસતી રહી કોઈ ચાલ્યું ગયું.....!!! આ કોઈ એટલે? રમેશ કે પછી...? બન્યો બનાવ અને નીરખ્યા કર્યું તેં પણ,હું તારા હાથમાંથી છટકેલું કાચનું વાસણ.....!!!! ર.પાની ભલે ને મહેચ્છા હતી કે બંધ પરબીડીયામાંથી જ મરણ મળે પણ તોયે એમને ખબર કે કેટલી વાર ને કેટલી વાત...??? ચરણ મારાં તારા ભણી હોય છે, હું ચાલું ત્યાં ભીતો ચણી હોય છે. મુટ્ઠીમાં જ રાખીને ફરીએ છતાં, ક્ષણો કેટલી આપણી હોય છે? ને એ ક્ષણો પણ કોણ ને ક્યારે અટકાવી દે એનું પણ ક્યાં નક્કી? ટાવર ધબકે, રસ્તા ધબકે, અરધો-પરધો માણસ ધબકે.. કોનો ધબકારો કોણ અહી અટકાવી દે, કહેવાય નહી...!!

મરણગતિએ મળી લઈએ એકબીજાને- એક ઘરમાં બે ખંડની જુદાઈ ખટકે છે....દીવાલ જેવી સલામત જગાઓ શોધીને, જુઓ, બધાં જ છબીમાં નિરાંતે લટકે છે...! આ નિરાંત એમને ગમી ગયેલી કે શું?..આ ભીડમાંથી નીકળવું સહેલું ક્યાં છે, રમેશ અમે મરણનો મૃદુ હાથ ઝાલી નીકળીએ. ...મરણનો હાથ અને એ પણ પાછો મૃદુ? કોમળ? પણ આ તો ર.પા. એ તો લાગણીના માણસ...એમને કઠોર થતા જ ભલા ક્યાં આવડ્યું ક્યારેય...? દોસ્ત હરીન્દ્ર દવેના અવસાન પર એમણે લખેલી આ બે લાઈનો એમના મોત કે છૂટવાના વિચારોનું આબેહુબ પ્રતિબિંબ પાડે છે..આ થાશે, તે થાશે, શું થાશે? થવાનું હશે એ તો થાશે ને પછી એનો ભૂખરો લિસોટો રહી જાશે...! યસ, અંતે તો લીસોટો જ રહી જવાનો ને? ભૂખરો લીસોટો... એક ધુમ્રસેર... એક રાખોડી લીસોટો.... બસ અંતે તો એ જ રહેશે..!!!

ચોકની વચ્ચે પડ્યું તું ડૂસકું બિનવારસી, આળ મારા પર સહુએ મારું હોવાનું મૂક્યું.... ડૂસકું ને એ પણ બિનવારસી? બને કશું છૂટવાની વેળાએ જ આ ડૂસકું છૂટ્યું હોય...!! તારા સ્મરણને મારામાંથી બાદ કરી જોઉં, કોશિશ હું આપઘાતની એકાદ કરી જોઉં....શા માટે બાધી રાખવા સગપણના પાંજરે?લાવો, તમામ શ્વાસને આઝાદ કરી જોઉં..... ખાલી ડૂસકું કે પોતાના મોત થી આગળ ર.પા. એમના સ્વભાવથી વિપરિત આપઘાત ની કોશિશ પણ કરી જાણે છે, પણ મૂળ અને આખરી હેતુ તો આઝાદી નો - છૂટવાનો જ રહ્યો ને?... હોઈશ જો હું ફૂલ તો કરમાઈ જવાનો, દીવો જો હું હોઈશ તો બુજાઈ જવાનો...સ્મૃતિ રૂપે રહીશ તો સિક્કાની જેમ હું, અહિયાથી ત્યાં પહોચતા ખર્ચાઈ જવાનો....ના ર.પા. ના...તમે ક્યાય ગયા પણ નથી કે ખર્ચાઈ પણ નથી ગયા...તમે તો હજુ પણ એ જ ર.પા. શેઠ છો અમારા માટે તો...!!!

વિસામો -

તું વાતે વાતે શબ્દના ભારા ન મોકલાવ, તારા વિશેના અમને દિલાસા ન મોકલાવ....મંઝિલ તો ઝાંઝવાનું બીજું રૂપ છે અહી, તું એને શોધવા વધુ રસ્તા ન મોકલાવ **(ર.પા. ની યાદમાં આદીલ મન્સૂરી)**